બાળકો અને નવયુવાનો માટે

# હાદી

માસિક




રૂ. ૩૦/-

સફર, હીજરી સન ૧૪૩૫,
જાન્યુઆરી - ૨૦૧૩

અંક ૬૩

# આપણા શીઆઓના અકીદાઓ

**દૃઢ ધાર્મિક માન્યતાઓ** (હપ્તો-૧૦મો)

આપણે શીઆઓ ઇમામ મહદીયે મુન્તઝર અજ.ના અસ્તિત્વનો અકીદો રાખીએ છીએ. કેમકે આ સંદર્ભમાં રસૂલે અકરમ સ.અ.વ.થી ઘણાં મોટા પ્રમાણમાં હદીસો અને રિવાયતોનું વર્ણન મળે છે કે આપ ફાતેમા સલા.ની અવલાદમાંથી હશે અને ઇમામ હુસેન અ.સ.ના નવમા ફરઝંદ હશે. કેમકે ઇમામ હુસેન અ.સ.ના આઠમા ફરઝંદ (આઠમી પેઢીએ) ઇમામ હસને અસ્કરી અ.સ. છે. જેમની શહાદત સને -૨૬૦ હિજરીમાં થઇ છે અને આપ અ.સ.ને ખુદાએ એક સુપુત્ર આપ્યો હતો કે જેમનું મુબારક નામ "મુહમ્મદ" હતું. - તેથી આપ જ ઈમામ મહદી અજ. છે. કે જેમની કુનીય્યત (વશંવાચક નામ) અબુલ કાસિમ છે. (આ વર્ણન અહલે સુન્નતની હદીસના આધાર જે કુલ ૬ પુસ્તકો છે. કે જેમને "સહાએ-સિત્તા"- કહેવામાં આવે છે તેમાં અને બંને પક્ષો શીઆ અને અહલે સુન્નતના અન્ય પ્રમાણભૂત પુસ્તકોમાં પણ છે.

આપ અજ.ને વિશ્વાસપાત્ર મુસલમાનોએ જોયા છે અને આપ અજ.ના જન્મ- આપ અજ.ની ખાસિયતો અને વિશેષતાઓ અને આપ અજ.ની ઈમામત અંગે આપ અજ.ના મહાન વાલિદની તરફથી સ્પષ્ટ આદેશ (નસ)નું વર્ણન પણ કર્યું છે. આપ અજ.ના શુભ અને પુણ્યશાળી જન્મના પાંચ વરસ પછી શત્રુઓએ આપ અજ.ને શહીદ કરી નાખવાનો ઈરાદો કરી લીધો હતો પરંતુ ખુદાવન્દે તઆલાએ આપ અજ. ને એટલા માટે રક્ષિત રાખ્યા છે કે અંતિમ યુગમાં આપ અજ. પ્રગટ થઈ ને સર્વ માટે સમાન ન્યાય પર આધારિત ઈસ્લામી શાસનને પ્રસ્થાપિત કરે અને પૃથ્વીમાંથી અત્યાચાર અને ખુના-મરકીને સંપૂર્ણપણે નાબુદ કરી દે.

આ કોઈ આશ્ચર્ય પમાડે તેવી બાબત નથી. આપ અજ. નું આયુષ્ય આટલું લાંબુ કેવી રીતે હોઈ શકે ! કુરઆને મજીદમાં આજે પણ હઝરત ઈસા અ.સ.ના જીવિત હોવાનો ઉલ્લેખ મોજુદ છે. આપ (હઝરત ઈસા અ.સ.)ના જન્મને તો આજે ૨૦૧૩ કરતાં પણ વધારે વરસો પસાર થઈ ગયાં છે, તેમ છતાંયે.

અને તેવી જ રીતે હઝરત નુહ અ.સ.એ પણ ૯૫૦ જેટલા વરસો જેટલું લાંબુ આયુષ્ય ભોગવ્યું હતું અને હઝરત ખિઝર અ.સ.પણ આજ સુધી જીવિત છે જ ને.

بسم الله الرحمن الرحيم


સફર, હીજરી સન ૧૪૩૫,
જાન્યુઆરી - ૨૦૧૪



**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક–પ્રખર વિદ્વાન–કૌમના સંનિષ્ઠ સેવક :

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :

**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી :

**સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો :

**અહમદ રઝા ઝુરારહ**

**તાલીમરઝા અજમેરી**

**એહસાનઅલી રીઝવી**

અનુવાદક :

**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**

આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :

(Skype Graphics) સાજીદ પંજ

9898013082

E-mail : sajidpanj@yahoo.in

**વિગતો માટે સંપર્ક :**

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

**Mukhtar Abbas Vasaya**

91, Longthrnton Road, LONDON, SW 16 5QF

Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746

E-mail : movasaya@hotmail.com


## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો !                    અસ્સલામો અલયકુમ !

આપના મનપસંદ મેગેઝીનનો  સફર માસનો અંક આપના હાથમાં છે. આ અંકમાં સફર માસથી સંબંધિત ઘણાં જ્ઞાનવર્ધક લેખો આપની સેવામાં પ્રસ્તુત કરતાં અમે ગર્વ અનુભવીએ છીએ, અને ખુદાની બારગાહમાં આભાર પ્રગટ કરીએ છીએ કે તેણે અમને આ પ્રેરણા આપી.

આ અલ્લાહનું વચન છે કે તે પોતાનું કાર્ય જેની પાસે કરાવવા ઈચ્છતો હોય તેની પાસે (પોતાનું કામ) કરાવે છે અને આપ લોકો પણ અમારા આ પ્રયાસમાં ભાગીદાર છો એવી રીતે કે વાંચકો (આ મેગેઝીન) વાંચે છે અને અમારી મહેનત લેખે લાગે છે.

શોકના દિવસો (અય્યામે અઝા) ઘણી ઝડપથી પસાર થઈ રહ્યા છે અને અઝાદારીના શત્રુઓ આપણી અઝાદારીને નુકશાન પહોંચાડવા સતત પ્રયત્નશીલ રહે છે. આપણે પોતાના ઉચ્ચ ચરિત્ર-રહેણી કરણી-વર્તન-વ્યવહાર-સદાચાર-વ્યવસ્થા અને ધૈર્યના શસ્ત્રો વડે જ તેમનો પ્રતિરોધ કરવો જોઈએ. શત્રુ એ સારી રીતે સમજી ગયો છે કે તેણે જેટલા પ્રમાણમાં આ અઝાદારીને ડામવા પ્રયત્નો કર્યા છે તેટલા પ્રમાણમાં આ અઝાદારીને બળ અને શક્તિ પ્રાપ્ત થએલ છે, અને એવું કેમન થાય. કેમકે ખુદાવન્દે આલમનો જ વાયદો છે કે (ખુદા પોતેજ) ઈમામ હુસૈન અ.સ.ની યાદ અને સ્મૃતિને લોકોના હૃદયમાં જીવિત રાખશે અને શત્રુઓને તેમના મલીન ઈરાદાઓમાં સફળ નહી થવા દે.

જયારે અલ્લાહએ જનાબ ઈસ્માઈલ અ.સ.ના બલિદાનને કયામત સુધી જીવિત કરી દીધું છે તો જેના ઉપર ઈસ્માઈલ અ.સ.ને પણ ગર્વ છે, એટલે કે ઈમામ હુસૈન અ.સ.ની કુરબાનીને ન તો અધોગતિ આવી શકે છે કે ન તો તેને વિસ્મૃતિની ગર્તામાં ધકેલી દઈ શકાય તેમ છે.

આજે શત્રુઓ શામ(સીરીયા)માં સ્થિત જનાબ ઝૈનબ સલા.ના પવિત્ર મઝારને તોડી પાડવાના પ્રયાસોમાં લિપ્ત છે અને તેમનો આ પ્રયાસ તેમની નિષ્ફળતાની નિશાની બની રહ્યો છે.

અમે બારગાહે ખુદાવન્દીમાં દુઆ ગુજારીએ છીએ કે તે પવિત્ર મઝારોનું રક્ષણ કરે અને શત્રુઓને તેના ખરાબ કાર્યોનો બદલો આપે. આમીન.

આપ લોકો પણ સામુહિક રીતે દુઆઓના પ્રોગામ રાખો કેમકે આપણો પરવરદિગાર તો દુઆઓને કબુલ કરનાર છે.

વસ્સલામ


ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

E-mail : hadimasik@yahoo.com

Website : www.hadikids.org

વાર્ષિક લવાજમ
રૂા. ૩૦૦/-




# ઈમામ હુસૈન અ.સ.નું ચાલીસમું

સફર માસની વીસમી તારીખ હઝરત ઈમામ હુસૈન અ.સ. અને કરબલાના શહીદોના ચાલીસમાંનો દિવસ છે. ઐતિહાસિક દ્રષ્ટીએ અને રિવાયતોમાં આ દિવસને ઘણું જ મહત્વ આપવામાં આવેલ છે. અમે ઈમામ હુસૈન અ.સ.ના ચાલીસમાંના દિવસ અંગે કેટલીક બાબતો અહિયાં વર્ણવીએ છીએ.

આ દિવસ કરબલાના શહીદોના ચાલીસમાંનો દિવસ હોવાથી આ દિવસે આપણે ઈમામ હુસૈન અ.સ.ના શોકમાં મજલિસો-નવહા પઢવા - માતમ કરવા અને રડવાના કાર્યોની ખાસ વ્યવસ્થા કરવી જોઈએ. ઈમામ સાદિક અ.સ.એ પોતાના એક સહાબી (સાથી)ને ફરમાવ્યું છે કે હે ઝર્રારહ, આકાશે ૪૦ દિવસ સુધી લોહી વરસાવીને ઈમામ હુસૈન અ.સ. માટે ચાલીસ દિવસ સુધી રૂદન કર્યું હતું, સુર્ય અને ચંન્દ્રએ પણ ગ્રહણ અને રાતા પ્રકાશના સ્વરૂપે રૂદન કર્યું હતું (એટલે કે શહાદતે હુસૈન અ.સ.થી લઈને ચાલીસ દિવસ સુધી સૂર્ય અને ચંદ્ર ગ્રહણગ્રસ્ત રહ્યાં હતાં અને તેમનો પ્રકાશ રતાશયુક્ત રહ્યો હતો) અને ફરિશ્તાઓએ પણ ચાલીસ દિવસ સુધી રૂદન કર્યું હતું (મુસ્તદરકુલ-વસાઈલ ભા.૧૦-પા.૩૧૪)





E-mail : hadimasik@yahoo.com





શેખ મુફીદ અને ઈબ્ને તાઉસએ બ્યાન કર્યું છે કે કરબલાથી બંદી બનાવીને લઈ જવામાં આવ્યાં હતાં તે ઈમામ હુસૈન અ.સ.ના કુટુંબીજનોએ કેદમાંથી છુટ્યા પછી શામથી મદીના તરફ પ્રયાણ કર્યો, ત્યારે આ દિવસે કરબલા પહોંચ્યા હતાં. અને ત્યાં કરબલામાં પહોંચ્યા પછી ઈમામ હુસૈન અ.સ.નું માતમ કર્યું હતું અને અઝાદારી કરી હતી અને જાબીર-બિન-અબ્દુલ્લા અન્સારી નામના રસુલુલ્લાહ (સ.અ.વ.)ના સહાબી પણ કરબલામાં ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત કરવા માટે પહોંચ્યા હતાં. (મસારૂશ્શીઆ-પા-૪૪-અલ-લહૂફ-પા-૧૧૪.) આ દિવસે ઈમામ હુસેન (અ.સ.) ની ઝિયારત પઢવાની ખુબ જ તાકીદ કરવામાં આવેલ છે. જનાબ હસન અસ્કરી(અ.સ)એ આ દિવસે ઝિયારત પઢવાને મોમિનની નિશાની તરીકે વર્ણવી છે. આપનો ઈર્શાદ છે કે “ મોમિનની પાંચ નિશાનીઓ (ઓળખ ચિન્હો) છે. (૧) દરરોજ પાંચ વખત નમાઝ (૨) અરબઈન (ઈમામ હુસૈન અ.સ.ના ચાલીસાના દિવસે)ની ઝિયારત (૩) જમણા હાથમાં વીંટી પહેરવી (૪) માટી પર સજદો કરવો અને (૫) મોટા અવાજે બિસ્મિલ્લા-હિર્રહમા-નિર્રહિમ પઢવું તે. (વસાએલુશ્શીઆ-ભા-૧૦-પા. ૩૭૫-કિતાબુલ મઝાર-પ.-૫૩.)







# ઈમામ મુસીયે કાઝીમ અ.સ.

ઈમામ મુસીયે કાઝીમ અ.સ.નો જન્મ અબુવાઅ નામના સ્થળે ૭-સફર, ૧૨૮ હીજરી સનમાં થયો હતો. આપના માતા હમીદા ખાતૂન એક ખૂબ જ સદાચારી ધર્મ નિષ્ઠ-વિદ્વાન અને ધર્મશાસ્ત્ર(ફિકહ)ના ઉત્તમ જાણકાર હતાં. આપ ઈમામ કાઝિમ અ.સ.ના જીવનના અનેક મહત્વના પ્રસંગોએ ઉપસ્થિત રહ્યાં હતાં.

આપ ચાર વરસના હતાં ત્યારે હિ.સ.૧૩૨માં ઉમવી શાસનનો અંત અને અલ્વી શાસનનો પ્રારંભ થયો હતો.

જયારે આપ ૨૦ વરસના થયા ત્યારે મન્સૂર દવાનકી નામના અલ્વી શાસકે આપના પરમ પૂજ્ય પિતા ઈમામ જાઅફરે સાદિક અ.સ.ને સન હિ.૧૪૮ માં ઝેર અપાવીને શહીદ કરી દીધા હતાં.

આપની ઈમામતના આરંભની સાથે શીઆઓમાં ઈસ્માઈલીયા-અફતહીયા-નાદદસીયા જેવા પંથો (ફિરકાઓ) એ જન્મ લીધો હતો.

આપના ભાઈ અબ્દુલ્લાહ અફતહએ ઈમામ સાદિક અ.સ. પછી પોતાની ઈમામતનો દાવો કર્યો હતો. જેના પરિણામે કેટલાક લોકોએ તેમના દાવાને માની લીધો અને અફતહીયા નામનો ફિરકો શરૂ થયો.

આપના યુગમાં જ હાદી અબ્બાસી નામના શાસકે હુસૈન-ઈબ્ને અલી



E-mail : hadimasik@yahoo.com




નામના એક અલ્વી બુઝુર્ગ (જે શહીદે ફખના નામે પ્રખ્યાત છે.) ને તેમના ૩૦૦ સાથીઓ સાથે "ફખ" નામના સ્થળે કરબલાના પ્રસંગની જેમ જ ચારે તરફથી ઘેરી લઈને શહીદ કરી દીધાં હતાં.

આપના જીવનકાળમાં જ હારૂન-રશીદ નામના શાસકે ઈમામ હુસૈન અ.સ.ની કબરને અને તેની ચારે બાજુના ઘરોનો સફાયો કરાવી નાખ્યો હતો. અને નિશાની તરીકે જે બોરડીઓ હતી તેને કપાવી નાંખી હતી. કે જેના માટે નબી સ.અ.વ.એ ત્રણ વખત લાનત કરી હતી.

મહદી અબ્બાસી અને હાદી અબ્બાસી નામના શાસકોએ આપને ઘણાં વરસો સુધી જુદીજુદી જેલોમાં બંદી બનાવીને રાખ્યા હતાં.

હારૂન રશીદ નામના પ્રખ્યાત અબ્બાસી શાસકના હુકમથી ૧૭૯ હી. સનમાં આપને બસરામાં ઈસા-બિન-જાઅફરના કેદખાનામાં અને તે પછી ત્યાંથી આપને બગદાદમાં ફઝલ-બિન-રબીઅના કેદખાનામાં રાખવામાં આવ્યાં. હતાં અને ત્યાથી આપને ફઝલ-બિન-યહયા-બરમકીના કેદખાનામાં મોકલવામાં આવ્યાં હતાં.

અને છેવટે આપના અંતિમ સમય સુધી આપને સનદી-બિન-શાહકના કેદખાનામાં રાખવામાં આવ્યાં હતાં. જયાં આપને નવ નંગ ખજુરોમાં ઝેર નાંખી આપને તે ઝેર આપવામાં આવ્યું હતું તે વખતે આપ કેદખાનામાં જ હતાં અને આપના હાથમાં હથકડીઓ અને પગમાં બેડીયો હતી, તે પછી સરકારી નોકરો મારફતે આપના જનાઝાને બગદાદના પુલ ઉપર મુકાવી દઈને જનાઝાની બેઅદબી (અપમાનપૂર્ણ વ્યવહાર) કરવામાં આવી હતી.




# ૨૮ સફરનો દિવસ

સફર માસની ૨૮મી તારીખ એક એવી મહાન (સૌથી મોટી) મુસીબતવાળી તારીખ છે કે જેમાં આ સૃષ્ટીના સૌથી મહાન વ્યક્તિ હઝરત ખત્મી મર્તબત રસુલલ્લાહ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સ.અ.વ.એ આ નશવર જગતનો ત્યાગ કર્યો હતો. આપને ઝેર આપવામાં આવ્યું હોવાથી સફર માસની ૨૮મી તારીખે જ આપનો મરઝુલમોત (એ રોગ જેના કારણે છેવટે મૃત્યુ થઈ જાય) ની શરૂઆત થઈ ચુકી હતી. રોગગ્રસ્ત અવસ્થામાં આપે ફરમાવ્યું "મારા પરમમિત્રને બોલાવો." બીજી બે વ્યક્તિઓને પ્રથમ લાવવામાં આવ્યાં. તેમને જોઈને આપે મોઢું ફેરવી લીધું. તે પછી ઈમામ અલી અ.સ.ને બોલાવવામાં આવ્યાં આપ સ.અ.વ.એ ઈમામ અ.સ.ની સાથે કેટલીક વાતો કરી અને વસીયતો કરી તે પછી જયારે ઈમામ અ.સ. બહાર આવ્યાં ત્યારે લોકોએ પુછ્યું કે આપના પરમ મિત્રે આપની સાથે શું વાતો કરી, ઈમામ અલી અ.સ.એ ફરમાવ્યું. આપ સ.અ.વ.એ મને એક હજાર પ્રકારનું જ્ઞાન અને વિધા શીખવાડ્યાં છે. અને હું પોતે તેમાં દરેકમાંથી જ્ઞાન અને વિધાના એક -એક હજાર પ્રકારો અને પ્રકરણોના દ્વાર ખોલીશ.


E-mail : hadimasik@yahoo.com

(તફસીરે કુમ્મી- ભા-૨-પા.નં-૩૭૬) અને છેવટે નબી સ.અ.વ.ની વસીયત પ્રમાણે

હઝરત અલી અ.સ. એકલાએ જ આપને ગુસ્લ આપ્યું અને કફન પહેરાવ્યું. અને નમાઝે જનાઝા પઢાવી અને જનાબ ફાતેમા ઝહરા સલા.ના ઓરડામાં જ દફન કર્યા.

આ ૨૮મી સફરનો જ એ શોકમય દિવસ હતો. જ્યારે લોકોએ રસુલુલ્લાહ સ.અ.વ.ના જનાઝા (મૃતદેહ)ને એકલો મુકી દીધો અને ગદીરમાં તેમણે જે બયઅત કરી હતી તે બયઅત તોડી નાંખી - ઈમામ અલી અ.સ.નો સાથ છોડી દીધો. સકીફા નામના સ્થળે એકઠાં થયાં અને અપાત્ર વ્યક્તિને ખલીફા બનાવ્યો અને બળજબરી પુર્વક લોકો પાસેથી બયઅત કરાવવામાં આવી. આ ૨૮મી સફરના દિવસે જ ઈમામ હસને મુજતબા અ.સ.ને તેમની દુષ્ટ અને નાલાયક પત્નિ જાઅદા-બિન-અશઅશએ અમીરે શામે મોકલેલ ઝેરથી શહીદ કરી દીધાં. આપના નાના સ.અ.વ.ની જેમ આપને પણ ૨૪મી સફરના દિવસે જ ઝેર આપવામાં આવેલ. આપ ૪ દિવસ તરફડતાં રહ્યાં અને છેવટે ૨૮મી સફરના દિવસે શહિદ થઈ ગયાં. આપની શહાદત પછી પણ આપને આપના નાના સ.અ.વ.ના પડખે દફન કરવા દેવામાં આવ્યાં નહોતા. આપના જનાઝા ઉપર ઉમ્મતના ચોક્કસ લોકોએ તીર વરસાવ્યા હતાં અને છેવટે આપને જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવ્યા. જે આજે પણ ઉજ્જડ સ્થિતિમાં શોક ગ્રસ્ત છે.



# હઝરત અલી અ.સ.નું શાસન એટલે કે ન્યાયનું ઘોષણાંપત્ર

માનવ ઈતિહાસ એ હકીકતની સાક્ષી પુરે છે કે સત્ય અને ન્યાયના ધ્વજધારીઓએ તો હંમેશા જાતજાતની મુશ્કેલી, વિટંબણાઓ, મુસીબતો અને દુઃખ તેમજ ત્રાસદાયક પરિસ્થિતીઓનો જ સામનો કરવો પડયો છે. સત્તાલાલસુઓ અને દુન્યવી એશ આરામના પુજારીઓએ ન્યાય અને સત્યનો સ્વીકાર કદીયે નહીં કરીને ખુદાના પ્રતિનિધીઓ એવા ન્યાય તેમજ સત્યના ચાહકોને હંમેશા કોઈને કોઈ રીતે પોતાના અત્યાચારોના શિકાર બનાવ્યાં છે અને અલ્લાહના આ પસંદ કરેલા બંદાઓએ પણ હમેશાં આ તમામ હુમલાઓ અને આ તમામ મુસીબતોને સામી છાતીએ ઝીલી લઈને પોતાના લક્ષ્યની પ્રાપ્તી કાજેના પોતાના પ્રયત્નોમાં અને પોતાની જવાબદારીઓ અદા કરવાની બાબતે લેશમાત્ર પણ પાછીપાની નથી કરી અને કોઈપણ પ્રસંગે સત્ય અને ન્યાયનો સોદો કર્યો નથી.

સત્ય અને ન્યાયના પ્રતિનિધી તરીકે જે પરિસ્થિતિઓનો હઝરત અલી અ.સ.એ સામનો કરવો પડયો હતો તેનાથી ઈતિહાસ લેશ માત્ર પણ ઈન્કાર કરી શકે તેમ નથી. એ અલી અ.સ. હતા કે જેમના બાહુબળ અને મુત્સદ્દીપણાંએ ઈસ્લામને એ ઉચ્ચશિખરે બિરાજમાન કર્યો કે ઈસ્લામનો ચારે દિશામાં જયજયકાર થઈ ગયો. અને સંપુર્ણ સમાજ તેના દિવ્ય પ્રકાશમાં દિપ્તમાન થઈ ગયો હતો અને આ દિવ્ય પ્રકાશ ન્યાય અને સમાનતા રૂપે વરસી રહ્યો હતો. પરંતુ આ અલી અ.સ.સમક્ષ જયારે ઈસ્લામના આ



પ્રકાશ પુંજ રૂપી સુર્યને ગ્રહણ લાગવાના સંજોગો આવ્યા ત્યારે તે અલી અ.સ.એ ધર્મ અને સહનશીલતા વડે ઈસ્લામને સુરક્ષિત કરી દીધો અને પોતે ઘરનો ખુણો પકડી લીધો.

મોલાએ કાએનાત અ.સ.ની વિવશતા અને મજબુરી ફક્ત મોલાએ કાએનાત અલી-ઈબ્ને-અલી તાલીબ  અ.સ.ની જ વિવશતા નહોતી પરંતુ સમગ્ર માનવજાત અને ઈસ્લામની વિવશતા હતી.

મૌલાએ કાએનાતનો એકાંતવાસ એ કુરઆને મજીદનો એકાંત હતો. અલી અ.સ.ની વિવશતા અને

એકાંતવાસને ફકત અલી અ.સ.ના હકને ઝુંટવી લેવાના સ્વરૂપે ન મુલવી શકાય પરંતુ એ તો સમગ્ર માનવજાતનો ઈતિહાસ સત્ય અને ન્યાયના શાસનથી વંચિત થયો હતો તે રીતે મુલવી શકાય.



ઈમાન-જ્ઞાન-પરહેઝગારી-શુરવીરતા અને મુત્સદ્દીપણાના માપદંડોની દ્દષ્ટિએ એક ન્યાયિક શાસનની સ્થાપના કાજે રસુલે અકરમ સ.અ.વ. પછી એકમાત્ર હઝરત અલી અ.સ. સર્વશ્રેષ્ઠ અને સૌથી ઉપયુકત વ્યક્તિ હતાં. પરંતુ એવા લોકો કે જેઓ ઈશ્વર પરાયણતાને સ્થાને દુન્યાની પૂજાન્યાયને બદલે રાજનીતિ, પરહેઝગારીને સ્થાને સત્તા, અમન-શાંતીને સ્થાને લડાઈ ઝગડા અને યોગ્ય દિશાને બદલે દગાને પ્રાધાન્ય આપતાં અને ચાહતા હતાં. તેઓ કદીયે કોઈપણ સ્વરૂપે કોઈપણ સંજોગોમાં ઈશ્વરીય અને ન્યાયના શાસનને સાંખી લઈ શકે તેમ નહોતા અને અલી અ.સ.ની ન્યાય પ્રિયતાને પણ તેઓ સ્વાકારી શકે તેમ નહોતા. એનું પરિણામ એ આવ્યું કે રસુલે કરીમ સ.અ.વ.ના સમયે જેનો સુવર્ણકાળ હતો તે ઈસ્લામને ગ્રહણ લાગી ગયું અને દગા-ફટકા અને ધોકાબાજીએ પોતાની જાળ ફેલાવી દીધી.

તેઓને ભલીભાંતી જ્ઞાન હતું કે હઝરત અલી અ.સ.ના વ્યક્તિત્વ વડે જો શાસનને શણગારવામાં આવશે તો અલી અ.સ.ઈસ્લામના જ હિતને અન્ય તમામ હિતો ઉપર પ્રાધાન્ય આપશે. તેઓને એ હકીકતની પણ સુમેરે ખબર હતી કે અલી અ.સ.પોતાની આંખમાં ખુંચેલો કંટક બરદાશ્ત કરી લેશે પરંતુ ઈસ્લામના વૃક્ષને સુકાવા નહી દે. તેઓ જાણતાં હતા કે અલી અ.સ. પોતાના ગળામાં હાડકુ ફસાઈ જાય તો વેઠી લેશે પરંતુ સત્ય અને ન્યાયના માર્ગેથી એક ડગલું પણ પાછી પાની કરશે નહી. અને જો આવી પરિસ્થિતિ સર્જાઈ જશે તો તેઓ જે અંગત લાભો મેળવવા ઈચ્છતા હતા તે અને જે સ્વાર્થ સાધવાની તેમની નેમ હતી અને જેના માટે તેમણે આટલા બધા ખેલ પાડયા હતાં તે લાભો તેઓ મેળવી શકશે નહી.






પછી શું હતું, સત્યને ગળે ટુંપો આપવામાં આવ્યો. ન્યાયનો ભરબજારે મજાક ઉડાવવામાં આવ્યો. માનવતાને અપમાનિત કરવામાં આવી, લોકોના હકોને નાશ કરવામાં આવ્યા અને આવું કર્યા પછી પણ દાવો તો ઈશ્વરીય શાસન - ઈલાહી હુકુમત - નો જ કરવામાં આવ્યો.

ઈસ્લામી ઈતિહાસનો આ સૌથી અંધકારમય યુગ હતો. એનું પરિણામ એ આવ્યું કે જ્યારે ઈલાહી હુકુમત પોતાના પગે ચાલીને સ્વયંમેળે યોગ્ય વ્યક્તિના હાથમાં આવી ગઈ ત્યારે મુસલમાનો એવું પોકારી ઉઠયા કે "આજે અમને રસુલે ખુદા સ.અ.વ.ની નમાઝ યાદ આવી ગઈ."

અને પશ્ચિમના (યુરોપિયન) ઈતિહાસકારોએ જયારે કલમ હાથમાં પકડી ત્યારે અલી અ.સ.ને માનવતાના ન્યાયની વાણી તરીકે વર્ણવ્યાં.અલી અ.સ.ના ન્યાયની વ્યવસ્થા એવી હતી કે સાંજ પડતા તો બયતુલમાલ ખાલી કરી દેવામાં આવતું હતું. અને તેના હકદાર લોકો સુધી તેમને હક-હિસ્સો પહોંચાડી દેવામાં આવતો હતો અને ઘરની કોઈ વ્યક્તિ કાંઈક વધારે આપવાની માંગણી કરે તો તેને એવું કહીને શાંત કરી દેવામાં આવતો કે "શું તમે એવું ઈચ્છો છો કે હું જહન્નમની અગ્નિમાં અઝાબે ઈલાહીમાં સપડાઈ જાઉ"

અલી અ.સ.ની ન્યાયપ્રિયતાની પરિસ્થિતિ એવી હતી કે ખોટી પ્રશંસા અને વાહવાઈના બદલામાં અમીરે શામ ભેટ સોગાતો અને ઈનામ ઈકરામનો વરસાદ કરીને પુછતાં કે "હવે કહો કે અલી અ.સ. સારા છે કે હું" ત્યારે તેમના પ્રશંસાના પુષ્પો વેરનાર પણ એમ જ કહેતો હતો કે અલી અ.સ. વધારે સારા છે કેમકે તે પ્રશંસા અને વાહવાઈના બદલામાં કશુ જ આપતા નથી. અલી અ.સ. તો બૈતુલમાલને મુસલમાનોની માલીકીનો ગણે છે.



પોતાના શાસનના સિધ્ધાતોને મૌલાએ કાએનાત અ.સ.એ પોતાની જ અલંકારયુક્ત વાણીમાં એવી રીતે બયાન ફરમાવ્યું છે કે "મારા કથનનો હું પોતે જ જવાબદાર છું. તે કથનની સત્યતાની પણ મારી જ જવાબદારી છે. અને જે વ્યક્તિએ અગાઉ થઈ ગએલી



કોમોને(ખુદા તરફથી) આપવામાં આવેલી સજાઓમાંથી બોધ-પાઠ ગ્રહણ કર્યો હોય અને જેની આંખ ઉઘડી ગઈ હોય તેને શંકા - કુશંકાઓમાં પડવાથી પરહેઝગારી અને ઈશ્વર પરાપણતા જરૂર રોકી લેશે. જાણી લો કે તમારા માટે એ કસોટીનો યુગ ફરી આવી ગયો છે. જે એ સમયે હતો કે જ્યારે પરવરદિગારએ પોતાના રસુલ સ.અ.વ.ને મોકલ્યા હતાં. પરવરદિગારના સમ ! કે જેણે આપ સ.અ.વ.ને સત્યની સાથે મોકલ્યા હતાં. અને એ હકીકતની પણ આપ સ.અ.વ.ને જાણકારી આપી હતી કે તેમને સંપુર્ણપણે પરખવામાં આવશે. અને દેગ (મોટા તપેલા)માં ચમચાથી જે રીતે ખાદ્ય પદાર્થને ઉંચોનીચો કરવામાં આવે છે. તે રીતે આપને પણ ઉપર નીચે કરવામાં આવશે. એટલે સુધી નીચેની વ્યક્તિ પ્રતિષ્ઠિત અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અપમાનિત થઈ જશે. અને ખુદાની સાક્ષીએ હું કહું છુ કે મેં એકપણ શબ્દ સંતાડયા વગર આ વાત કહી છે. અને આ પરિસ્થિતિ અને આ દિવસની મને પહેલાથી જ જાણકારી આપવામાં આવી હતી.

યાદ રાખો-પાપ અને અપરાધ એવી નિરંકુશ સવારીઓ છે કે જેના ઉપર પાપ અને અપરાધોને બેસાડી દેવામાં આવે તો તે પોતાના સવારને લઈને જહન્નમમાં કુદી પડશે. અને પરહેઝગારીએ વશીકરણ કરેલી અને કેળવાએલી સવારીઓ છે કે જેના ઉપર લોકો સવાર થઈ જાય અને તેમની લગામ ઢીલી મુકવામાં આવે તો પણ તે પોતાના સવારોને જન્નતમાં લઈ જશે.”

(શરહે નહજુલ-બલગાહ-ઈબ્ને હદીદ કૃત-ભાગ-૧-પા.નં૨૭૬-ખુતબો-૧૬)



આજ અલી અ.સ.ના શાસનનો સિધ્ધાંત હતો કે જેનો આધાર લઈને માનવતાના ઈતિહાસે એવો ઈતિહાસ રચ્યો કે જેવો ઈતિહાસ ન તો ભૂતકાળમાં કદી રચવામાં આવ્યો હતો કે ન તો ભવિષ્યમાં તેવો ઈતિહાસ રચાય તેવી શક્યતા છે. ઈતિહાસકારો પણ એ હકીકત નોંધવા માટે લાચાર થઈ ગયા કે કાતિલે પોતે પણ હઝરત અલી અ.સ.ને શહીદ કર્યા પછી તેણે અલી અ.સ.ને તેમની ન્યાય તોળવાની ટેવ અને તેમની ન્યાય પ્રિયતાને કારણે કત્લ કર્યા હતાં તેવું સ્વીકાર્યુ હતું.



# દયાની સરવાણી

રિવાયતમાં છે કે અબુજહલ કે જે પયગમ્બરે અકરમ સ.અ.વ.નો મોટો શત્રુ હતો તેણે આપને હમેશાં ખૂબ સતાવ્યા હતા અને આપને ઘણી તકલીફો પહોંચાડી હતી. તેનો દીકરો અકરમાહ મક્કાના વિજ્યના દિવસે મક્કાથી યમન પ્લાયન કરી ગયો હતો, ત્યાં કેટલાક લોકોએ તેને સમજાવ્યો અને તેને પયગમ્બરે અકરમ સ.અ.વ.ની દયાની બાબતમાં જાણકારી આપી અને તેઓ સ.અ.વ. કેટલા દયાળુ અને કૃપાળુ છે તે જણાવ્યું. અને સમજાવ્યુ કે પયગમ્બર સ.અ.વ. વીતી ગયેલી વાતો-ધટનાઓ અંગે સજા નથી કરતા-અને અગાઉના ગુનાઓનો બદલો નથી લેતા.


E-mail : hadimasik@yahoo.com



એક દિવસ અકરમાહ હિમ્મત કરીને મક્કા પાછો ફર્યો અને બીતો બીતો મસ્જિદે હરામમાં પ્રવેશ્યો. પયગમ્બરે અકરમ સ.અ.વ.એ જેવો તેને મસ્જિદમાં દાખલ થતા જોયો કે તરત જ પોતાની જગ્યાએથી ઉભા થઈ ગયા. તેને આવકાર્યો, તેના માટે પોતાની ચાદર પાથરી દીધી અને તેના કપાળે ચુંબન કર્યું. અકરમાહએ (તે પછી) કહયું છે કે હું તો પયગમ્બર સ.અ.વ.ના આ મહાન વર્તાવને જોઈને અવાચક રહી ગયો.

અને આવી રીતે અકરમાહ સાચા હૃદયથી મુસલમાન થઈ ગયાં અને ઈસ્લામના કોઈ યુધ્ધમાં જ શહીદ થયાં. (શરબુન્નબી-સ.અ.વ.પા-૭૪)

## ઈસ્લામી ચિકિત્સાશાસ્ત્ર

# સરકો



આપ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે "સરકો ખાદ્ય પદાર્થોમાં એક સારો ખાદ્ય પદાર્થ છે."

ઈમામ અલી અ.સ.એ ફરમાવ્યું છે કે "સરકો ખાવો એક સારી વસ્તુ છે. એ કડવાશને દુર કરે છે. હૃદયને તાજગી આપે છે."

ઈમામ અલી અ.સ.એ ફરમાવ્યું છે કે "સરકો બુધ્ધિવર્ધક અને હૃદયને પ્રફુલ્લિત કરનાર છે."

આપ સ.અ.વ. ફરમાવે છે કે "ઘરમાં સરકો હોય (એટલે કે








ભોજનમાં સરકાનો પ્રયોગ કર્યો હોય તો) ત્યાંનું ભોજન બેકાર નથી જતું"

દ્રાક્ષ વિગેરેમાંથી બનાવેલ સરકો પેઢાઓને મજબુત કરે છે. પેટના કૃમિઓનો નાશ કરે છે. અને બુધ્ધિવર્ધક છે.

મુહમ્મદ-બિન-અલી હમદાનીએ બ્યાન કર્યું છે કે ખુરાનામાં એક વ્યક્તિ ઈમામ રિઝા અ.સ.પાસે દસ્તરખાન (ભોજનની પંગત) પર હતો. દસ્તરખાન પર મીઠું અને સરકો બંને હતાં. જયારે ભોજન લેવાનો પ્રારંભ થયો ત્યારે ઈમામ રિઝા અ.સ.એ અરજ ગુજારી "મૌલા હું આપ પર ફિદા થાઉં આપણે તો લોકોને ભોજનની શરૂઆત મીઠાથી કરવાની આજ્ઞા આપીએ છીએ અને આપ અ.સ.એ સરકાથી શરૂઆત કરી."ઈમામ રિઝા અ.સ.એ ફરમાવ્યું "સરકો અને મીઠું બંને (ભોજનની શરૂઆત કરવાની બાબતમાં)સરખાં જ છે. સરકો યાદ શક્તિ (ઝહન)ને શક્તિ પ્રદાન કરે છે. અને બુધ્ધિ વર્ધક છે."





# સમૃધ્ધિ (બરકત) પ્રાપ્ત કરવા માટેના દશ ઉપાયો

આજે આપણે પોતાના ઘર-વેપાર-ધંધા-કામ કાજ એટલે કે દુન્યાના દરેક મામલામાં બરકત (અલ્લાહ તરફથી દરેક વસ્તુમાં પ્રાપ્ત થતી સમૃધ્ધિ) મેળવવા ન જાણે શું શું કરીએ છીએ. અને બરકત મેળવવા પ્રયાસ કરવા પણ જોઈએ. કારણકે આલ્લાહની નેઅમતોથી લાભાંવિત થવાનો અધિકાર દરેક વ્યક્તિને છે. આવો આપણે જોઈએ કે આપણાં માઅસૂમીન અ.સ.એ બરકતની પ્રાપ્તી માટે શું ઉપાયો જણાવ્યા છે.

(૧) નબી સ.અ.વ.એ ફરમાવ્યું છે કે નેકી (સદ્‌કાર્યો) કરો. અને સદ્‌ગુણી લોકોની સાથે મિત્રતા રાખો. અલ્લાહના સમ ! બરકત અને સ્વાસ્થ્ય સદકાર્યો અને સદ્‌કાર્યો કરનાર લોકોની સાથે છે.

(૨) નબી સ.અ.વ.એ ફરમાવ્યું છે કે - પોતાની આજીવિકા અને જરૂરીયાતને શોધવા માટે વહેલી સવારે જ નીકળી પડો. એટલા માટે કે દિવસની શરૂઆતમાં બરકત અને સફળતા હોય છે.



(૩) નબી સ.અ.વ.એ ફરમાવ્યું છે કે - જાણી લો કે સત્ય બરકતનું કારણ અને અસત્ય તે અનિષ્ટ અને દુર્ભાગ્યનું કારણ છે.

(૪) નબી સ.અ.વ.એ ફરમાવ્યું છે કે જયાં સુધી લોકો એક-બીજાને સદ્‌કાર્યોની પ્રેરણા આપતાં રહેશે ત્યાં સુધી તેમના માટે કલ્યાણ અને સમૃધ્ધિ છે. અને જ્યારે લોકો ઉપરોકત રીતનું આચરણ કરવાનું ત્યાગી દે ત્યારે સમૃધ્ધિ પાસે થી ઝુંટવી લેવામાં આવે છે. અને (તે પછી)


E-mail : hadimasik@yahoo.com

પૃથ્વી કે આકાશમાં (કયાંય) તેમને સહાય કરનારું કોઈ હોતું નથી.

(૫) નબી સ.અ.વ.એ ફરમાવ્યું છે કે નમાઝે શબ (પઢવી) તે અલ્લાહની પ્રસન્નતા-ફરિશ્તાઓની મિત્રતા-પયગમ્બરોના આચરણનું અનુસરણ (સુન્નત ઉપર અમલ) અલ્લાહની સાચી ઓળખ નો પ્રકાશ-ઈમાનના મૂળ-શયતાનની નારાજી-એ તમામ શત્રુ ઓ વિરૂધ્ધ તમારા શસ્ત્ર(તમારા) આઅમાલ અને દુઆઓના કબુલ થવાનું કારણ અને આજીવિકામાં સમૃધ્ધિ (બરકત)નું કારણ છે.

(૬) ઈમામ અલી અ.સ.એ ફરમાવ્યું છે કે જયારે દાનત બગડી જાય છે ત્યારે સમૃધ્ધિ (બરકત) પણ લઈ લેવામાં આવે છે.

(૭) ઈમામ કાઝીમ અ.સ.એ ફરમાવ્યું છે કે બુધ્ધિશાળી અને ભલું ઈચ્છનાર વ્યક્તિ પાસેથી સલાહ લેવી તે સમૃધ્ધિ-સફળતા અને અલ્લાહની કૃપાનું કારણ હોય છે.

(૮) ઈમામ સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કે (પોતાના) સગાવહાલાઓ સાથે સદ્વ્યવહાર કરવો તે (નેકી કરવી તે) વ્યક્તિને સારા ચારિત્ર અને સ્વભાવવાળો - દાનવીર અને પવિત્ર બનાવી દે છે. (તેના) આજીવિકામાં સમૃધ્ધિ (બરકત) પ્રાપ્ત થાય છે. અને મૃત્યુ(ની પળ) ને દૂર હડસેલી દે છે.

(૯) ઈમામ સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કે જો (બધાં જ) લોકો ન્યાયપ્રિય થઈ જાય (દરેક બાબતમાં ન્યાયને જ સ્વીકારતાં થઈ જાય) તો બધાં (લોકો) નિઃસ્પૃહ થઈ જશે. અને (તે પરિસ્થિતિમાં) અલ્લાહની આજ્ઞાથી આકાશ સમૃધ્ધિ વરસાવે છે. અને પૃથ્વી પણ પોતાની સમૃધ્ધી બહાર કાઢે છે.



(૧૦) બધાં સાથે મળીને - એક સાથે બેસીને ભોજન લેવામાં છે. કેમકે સંપ અને હળી મળીને રહેવામાં બરકત છે.




# એક યહૂદી યુવાનનો ઈસ્લામ ધર્મ અંગીકાર કરવો

**"યા ઐયોહલ - લઝીના - આમનૂલ્તકુલ્લાહ હક્કાતુકાતેહી - વલા - તમૂતુન્ના - વ - અન્તુમમુસ્લેમૂન."**

**(સૂરએ આલે ઈમરાન-આયત-૧૦૨)**

અર્થાત :-"હે ઈમાન લાવનારાઓ અલ્લાહની એવી રીતે બીક રાખો જે બીક રાખવાનો હક છે અને ખબરદાર તમો મુસલમાન ન થઈ જાવ ત્યાં સુધી મૃત્યુ પામતા નહીં"

**હઝરત ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.ફરમાવે છે કે :-**

એક યહુદી યુવાન ઘણી વખત રસૂલે ખુદા સ.અ.વ.ની સેવામાં હાજરી આપતો રહ્યો હતો. પયગમ્બરે અકરમ સ.અ.વ.પણ તેના આવી રીતે આવતાં રહેવાની બાબતે કદીયે વાંધો લેતા નહોતા. એટલે સુધીકે ઘણી વખત તેની પાસેથી કોઈ સેવા પણ લેતાં હતાં અથવા તેની સાથે યહુદીઓને પત્રો પણ મોકલતા હતાં.

એક વખત તે કેટલાંક દિવસો સુધી આવ્યો નહીં. રસુલે અકરમ સ.અ.વ.એ એક જાણકારને તેના વિષે પુછયું તો તેણે કહ્યું "તે યુવાન તો ખુબજ બીમાર પડી ગયો છે અને ઘણું કરીને તેનો અંતિમ સમય આવી ગયો છે." આ સાંભળીને રસુલે ખુદા સ.અ.વ.પોતાના સાથીઓ સાથે તેના ખબર અંતર પુછવા તેને ત્યાં ગયા. તે


E-mail : hadimasik@yahoo.com

યુવાન બોલી શકતો નહોતો. પરંતુ જયારે આપ સ.અ.વ. ત્યાં પહોચ્યાં અને તેના ખબર અંતર પુછયાં તો તે યુવાને આંખો ખોલી અને કહ્યું **"લબ્બૈકા-યાઅબા-કાસિમ"** આપ સ.અ.વ.એ ફરમાવ્યું **"કહો અશહદો અન લાઈલાહ - ઈલ્લલ્લાહ - વ - અન્ની રસૂલુલ્લાહ"**



જયારે તે યુવાને પોતાના બાપ તરફ જોયું તો તેણે (તેના બાપે) ઈશારાથી મનાઈ કરી. પયગમ્બરે અકરમ સ.અ.વ.એ બે વખત શહાદતૈન કહેવા કહયું. પરંતુ બંને વખત તે યુવાન પોતાના પિતાના ચહેરા તરફ જોઈને કંઈ બોલી શક્યો નહીં. રસુલે ખુદા સ.અ.વ.એ તેને ત્રીજી વખત ફરી યહુદી માન્યતાઓથી તૌબા કરવા અને શહાદતૈન સ્વીકારવા કહ્યું. તે યુવાને ફરી પોતાના પિતા તરફ જોયુ. ત્યારે રસુલે ખુદા સ.અ.વ.એ કહ્યું. "જો તારી ઈચ્છા હોય તો શહાદતૈન સ્વીકારી લે. અથવા ચુપચાપ રહે" આ વખતે તે યુવાને પોતાના બાપના ગુસ્સા અને ના - મરજીની પરવા કર્યા વગર શહાદતૈન સ્વીકારી લીધી - (કહી.) અને તે સાથે જ તેના પ્રાણ નીકળી ગયા.

રસૂલે અકરમ સ.અ.વ.એ તે યુવાનના પિતાને કહ્યું "આ યુવાનની લાશ અમને સોંપી દો" પછી પોતાના સાથીઓને કહ્યું "આને ગુસલ અને કફન આપો અને મારી પાસે લાવો જેથી કરીને હું તેની નમાઝે જનાઝા પઢાવું." આટલું કહીને આપ સ.અ.વ. તે યહુદીના ઘરમાંથી બહાર આવી ગયાં.



અને પરત ફરતી વખતે આપ સ.અ.વ. કહેતા જતાં હતાં કે "હે ખુદા, તારો આભાર. આજે તે મારા થકી એક યુવાનને જહન્નમની આગમાંથી મુક્તિ અપાવી."

(બિહારૂલ અનવાર-ભાગ-૬-પા.૨૬)

મુસીબતોનો કાઅબા

હઝરત ઝૈનબ સલામુલ્લાહે અલયહા




# બંદી અવસ્થામાં હઝરત ઝૈનબ સલા.નું ઉચ્ચ ચરિત્ર

જનાબ ઝૈનબ સલા.નો જન્મ સને ૫ અથવા ૬ હિજરીમાં થયેલ તેથી આપે આપ સ.અ.વ.ની છત્ર છાયામાં લગભગ પાંચ વરસ વિતાવ્યા હતાં. આપ સ.અ.વ. જનાબે ઝૈનબ સલા.ને પણ ઈમામ હુસૈન અ.સ.ની જેમ જ ખૂબ વહાલ કરતાં હતાં.

એક દિવસ હઝરત ઝહરા સલા. જનાબ ઝૈનબ સલા.ને આપ હઝરત સ.અ.વ. પાસે લઈને આવ્યાં. નબી સ.અ.વ.એ ઝૈનબ સલા.ને જોઈને તેમને પોતાની છાતી સરસી ચાંપી લીધાં. અને તેમના ગાલ ઉપર પોતાનો ચહેરો મૂકીને રૂદન કરવા લાગ્યાં - નબી સ.અ.વ.ને રડતાં જોઈને જનાબ ઝહરા સલા. એ પુછ્યું “બાબા ! આપને કોઈ તકલીફ ન પહોંચે - આ રૂદનનું કારણ શું છે ? ” નબી સ.અ.વ.એ ફરમાવ્યું “ હમણાં જનાબ જિબ્રાઈલ અ.સ. તશરીફ લાવ્યાં હતાં અને રડવા લાગ્યાં તો મે તેમને રડવાનું કારણ પુછ્યું તો જિબ્રાઈલ અ.સ.એ કહયું કે આ પુત્રી ઝૈનબ સલા. પોતાના બાળપણથી


E-mail : hadimasik@yahoo.com

પોતાના જીવનના અંતિમશ્વાસ સુધી દુઃખો અને મુસીબતોમાં જ ઘેરાયેલી રહેશે. આપ સ.અ.વ.ના વિયોગનું દુઃખ, તે પછી પોતાની માતા અને પિતાના વિયોગનું દુઃખ, તે પછી પોતાના ભાઈ હસન અ.સ.ની શહાદતના શોકનું દુઃખ વેઠશે. પરંતુ આ બધાં દુઃખોમાં સૌથી વધારે અને ત્રાસદાયક દુઃખો તો તેણે કરબલામાં વેઠવા પડશે. ત્યાં એના ઉપર દુઃખોના એવા પહાડ તુટી પડશે કે તે કમરમાંથી બેવડી વળી જશે અને તેના માથાના વાળ સફેદ થઈ જશે.”



આ સાંભળીને હઝરત ઝહરા સલા.એ ખુબજ રડતા રડતા પુછ્યું “બાબાજાન ! જે વ્યક્તિ મારી આ દીકરીના દુઃખો અને શોકથી દ્રવિત થઈને રડશે તેને શું બદલો મળશે.” આપ હઝરત સ.અ.વ.એ ફરમાવ્યું “હે મારા અસ્તિત્વના ટુકડા અને હે મારી આંખોની રોશની ! જે વ્યક્તિ મારી આ દિકરી (હઝરત ઝૈનબ સલા.)ના દુઃખો અને મુસીબતોથી પ્રભાવિત થઈને રૂદન કરશે તે એવું છે કે જાણે તેણે મારા બંને પુત્રો હસન અ.સ. અને હુસૈન અ.સ.ના દુઃખોથી દ્રવિત થઈને રૂદન કર્યું હોય” (વફીયાતિલ અઈમ્મા નામના પુસ્તકમાંથી પા.નં.૪૩૧ અને તરાઝુલ મુઝહબ-પા.નં.૩૨-૩૩ ખસાઈસે ઝૈનબીયાહ-પાન.૧૫૫ નવાસેખુત્તવારીખ-પાનં.૪૭)



અંતે જનાબે ઝૈનબના ભાગ્યમાં એ સમય જોવાનું આવી પહોંચ્યું જ્યારે નાના-પિતા-માતા-મોટાભાઈ હસન અ.સ. અને છેવટે કરબલામાં ઈમામ હુસૈન અ.સ.-એમ આપના તમામ સહારાઓ ન રહ્યાં અને સાથે રહ્યાં અત્યાચાર પિડીત બાળકો - દુઃખી માતાઓ -બહેનો - દીકરીઓ અને બીમાર ભત્રીજો ઈમામ સૈયદ સજ્જાદ અ.સ. - એ સિવાય બધું જ લુંટી લેવામાં આવ્યું હતું. માથે ઓઢણીઓ પણ બચી નહોતી. અને યઝીદી સૈન્ય એવા ઘમંડમાં કે આ રીતે ઈમામ હુસૈન અ.સ. અને તેમના કુટુંબની સન્નારીઓને અપમાનિત કરી શકાશે - તેમને ચેહરાના આવરણ (મકનાઅ) અને ઓઢણીઓ વગર દુઃખી અને શોકાતૂર રીતે કૂફા અને શામના ચાટે ચોરે અને રાજ દરબાર સઘળા સ્થળોએ ફેરવ્યાં હતાં. આ સન્નારીઓને અપમાનિત કરવાના સઘળા પ્રયત્નો કરવામાં આવ્યાં હતાં. પરંતુ અલી અ.સ.ની સિંહનું કાળજુ ધરાવતી દીકરીએ આ સઘળા દુઃખો અને શોકના ડુંગરો વચ્ચે અને પોતાની બંદી અવસ્થામાં પણ પોતાના ભાષણો અને પોતાની ક્રિયાશીલતાના પ્રકાશ પુંજો વડે યઝીદી સંકલ્પના મહેલને જમીનદોસ્ત કરીને લોકોના હૃદયમાં પોતાની હકૂમત સ્થાપી દીધી હતી અને પોતાના ભાષણો અને નિવેદનોથી ઈમામ હુસૈન અ.સ.ને શહીદ






કરનારા યઝીદીઓને મોઢું દેખાડવાને લાયક નહોતાં રાખ્યાં અને અમુક દિવસોમાં જ તે સઘળા મોઢું સંતાડીને ફરતા થઈ ગયાં હતાં. અને આમ-જનતા સમાન્ય લોકોને યઝીદ અને યઝીદીઓના ધ્યેય અને તેમના કરતૂતોની જાણકારી મળી ગઈ હતી. જે જાણીને લોકો તેમના પ્રત્યે ધિક્કાર વ્યક્ત કરતાં થઈ ગયાં હતાં. અને યઝીદે વિવશ થઈને કરબલાના આ બંદીઓને છોડી મુકવાની ફરજ પડી હતી. આમ ઝૈનબ સલા. કરબલાથી લઈને કૂફા અને શામ અને તે પછી પરત ફરતાં મદીના સુધીના પોતાના પ્રવાસ દરમ્યાન હુસૈન અ.સ.ના ધ્યેયને જગ જાહેર કરીને હુસૈનિયત અને તે થકી માનવતાને અમર-અજર બનાવી દીધાં. જો કરબલાના પ્રકરણમાં ઝૈનબ સલા.નું પાત્ર ન હોત તો આશુરા અને કરબલાની ક્રાંતિ તેના નિર્ધારિત લક્ષ્યને આંબી શકી ન હોત. તેથી આવો, હઝરત ઝૈનબ સલા.ના આ પ્રવાસના કેટલાંક અતિ મહત્વનાં બિન્દુઓની જાણકારી મેળવીએ,



# હ. ઝૈનબ સલા.

## જ્ઞાન અને બુધ્ધિચાતુર્ય

હઝરત ઝૈનબ સલા.ની યાદશક્તિ અને બુદ્ધિચાતુર્ય એ દરજ્જાનું હતું કે કરબલાના પ્રસંગ પહેલાં પણ યુગના જ્ઞાની સમાજમાં આપ એક કુશાગ્ર બુદ્ધિશાળી વ્યક્તિ અને હદીસોનું વર્ણન કરનાર તરીકે પ્રખ્યાત હતાં. કરબલાના પ્રસંગના અનુસંધાનમાં આપણાં માઅસૂમ ઈમામ હઝરત સૈયદે સજ્જાદ અ.સ.એ પણ ફરમાવ્યું છે કે "હે મારા ફોઈ ! સર્વ પ્રશંસા અલ્લાહને હજો ! આપ તો પોતેજ  કોઈ શિક્ષક વગર પણ સઘળું જ્ઞાન ધરાવો છો અને આપને કોઈએ શિખવાડ્યું નથી તેમ છતાં આપ સઘળી જાણકારી રાખો છો." અને પોતાની બંદી અવસ્થામાં પણ આપે પોતાના ભાષણોમાં એવી વિદ્વતા અને તર્કસંગત શૈલી અપનાવી હતી કે આપના ભાષણો સાંભળીને લોકોના શ્વાસ થંભી જતાં હતાં અને અનાયાસ તેમના મોઢેથી એવા ઉદગાર નીકળી જતાં હતાં કે "આ તો હૈદરે કર્રારની શૈલીમાં બોલી રહી છે."



# હ. ઝૈનબ સલા.

# ઈમામની તાબેદારી



જનાબ ઝૈનબ સલા.ની હસ્તી એ મહાન હસ્તી છે કે જેણે રસૂલલુલ્લાહ સ.અ.વ.થી લઈને ઈમામ બાકિર અ.સ. સુધી સાત માઅસૂમો અને ઈમામો પાસેથી જ્ઞાનનો લાભ લીધો હતો. (બરકતો મેળવી હતી) અને પોતે પણ ઈશ્વરીય જ્ઞાન (ઈલ્મે ઈલાહી-ગુહય જાણકારી)થી પરિચિત હતા. તેમ છતાં આપણાં માટે એક આદર્શ પુરો પાડ્યો અને દરેક પળે ઈમામ અ.સ.ની તાબેદારી અને આજ્ઞાપાલન કર્યું અને આપણને એવો બોધપાઠ આપ્યો કે કોઈપણ પ્રસંગે ઈમામ અ.સ.ની આજ્ઞાપાલનને તજવી જોઈએ નહીં. પોતાના ભાઈ ઈમામ હુસૈન અ.સ.ની દરેક આજ્ઞા - દરેક કાર્ય અને દરેક પ્રસંગે સંપૂર્ણ તાબેદારી કરી અને પોતાના ભત્રીજા ઈમામ સજ્જાદ અ.સ. પાસેથી દરેક વાતમાં સલાહ મેળવીને તાબેદારી કરી.




# હ. ઝૈનબ સલા.

## ઈમામતની રક્ષા

કરબલા પછી ઝૈનબ સલા. જ ઈમામતના સંરક્ષક હતાં. ઈમામ હુસૈન અ.સ. જ્યારે જખ્મોથી લોહી લુહાણ થઈને જમીન ઉપર પડી ગયાં, બચવાની કોઈ આશા નહોતી તે સંજોગોમાં આપ સલા. એ યઝીદી સૈન્યના સેનાપતિ ઉમરે સાઅદને સંબોધીને કહ્યું હતું કે "હે સાઅદના પુત્ર - લોકો તારા નબી સ.અ.વ.ના દોહિત્ર (દીકરીના દીકરા)ને કત્લ કરે છે અને તું ત્યાં ઉભો રહીને આ જોઈ રહ્યો છે. ઉમરે સાઅદ એ આ વાત સાંભળી ન સાંભળી કરીને મોઢું બીજી તરફ ફેરવી લીધું અને ઝૈનબ સલા. ફરીયાદ કરતાં રહી ગયાં, તેવીજ રીતે ઈમામ હુસૈન અ.સ.ના તંબુઓને આગ ચાંપવામાં આવી રહી હતી અને યઝીદનું સૈન્ય ઈમામ હુસૈન અ.સ.ના બાળકો ઉપર તુટી પડ્યું હતું ત્યારે શિમ્ર મલઊન સૈયદે સજ્જાદ અ.સ.ને કત્લ કરવા આગળ વધ્યો ત્યારે લોકોએ તેને વાર્યો કે આ તો બિમાર વ્યક્તિ છે. શિમ્ર મલઊન એ કહ્યું : ઈબ્ને ઝિયાદે આવો જ હુકમ કર્યો છે. ત્યારે ઝૈનબ સલા.એ આગળ વધીને કહ્યું "શિમ્ર ! હું આમને કત્લ નહીં થવા દઉં, તે પહેલાં તારે મને કત્લ કરવી પડશે."

(મકતલે હુસૈન અ.સ. પા.૩૦૧)

તે પછી પણ કાઠડા વગરના ઉંટો ઉપર બેસાડવામાં આવ્યાં ત્યારે શહીદોના કફન વગરના મૃતદેહો જયાં પડયાં હતાં ત્યાં પાસેથી જાણી જોઈને



E-mail : hadimasik@yahoo.com




બંદીઓને પસાર કરાવવા-માર્ગમાં અનેક વખત ઈજા પહોંચાડવાના પ્રસંગોએ અને સૈયદ સજ્જાદ અ.સ.ને માર્ગમાં જ કોઈ જગ્યાએ મારી નાખવા સુધ્ધાના ષડયંત્રો શત્રુઓએ રચ્યા હતાં. તે સમયે આ પ્રકારના તમામ પ્રસંગોએ જનાબ ઝૈનબ સલા.એ ઈમામ સૈયદ સજ્જાદ અ.સ. અને ઈમામ હુસૈન અ.સ.ના કુટુંબીજનો (એહલે હરમ) ના સુરક્ષાની સંપુર્ણ તકેદારી રાખી હતી. ખાસ કરીને ઈમામ સૈયદ સજ્જાદ અ.સ. કે જેઓ તે યુગના ઈમામ હતા તેથી તેમની સુરક્ષા અત્યંત મહત્વની જવાબદારી હતી. અને તેથી જનાબ ઝૈનબ સલા. ઈમામ અ.સ.ના સંરક્ષક બની ગયા હતાં. (બિહાર ભા.૫-પા-૧૭૯)

એજ રીતે જયારે ઇબ્ને ઝિયાદના દરબારમાં હઝરત સૈયદ સજ્જાદના ભાષણ (ની દલીલો)નો કોઈ પ્રત્યુત્તર ઇબ્ને ઝિયાદ પાસે ન હતો. ત્યારે તેણે ઈમામ અ.સ.ને કતલ કરવાની આજ્ઞા આપી હતી ત્યારે જનાબ ઝૈનબ સલા.એ સૈયદ સજ્જાદ અ.સ.ને પોતાની બન્ને બાહુઓમાં જકડી લઈને ઇબ્ને ઝિયાદને લલકાર્યો હતો કે ઇબ્ને ઝિયાદ ! તેં અમારું આટલું બધું લોહી વહાવ્યું છે. તે શું ઓછું છે ! હવે તું આના રક્તનો તરસ્યો થઈ ગયો છે! ખુદાના સમ ! આ માટે તારે પહેલા મારી કત્લ કરવી પડશે. જનાબ ઝૈનબ સલા.ના આ સંરક્ષણ અને હોશિયારીથી સૈયદ સજ્જાદ બચી ગયા હતાં. આ સમયે સૈયદ સજ્જાદ અ.સ.એ પણ ઇબ્ને ઝિયાદ ને લલકાર્યો હતો કે "ઇબ્ને ઝિયાદ શું તું મને મૃત્યુની બીક દેખાડે છે. તો તું જાણી લે કે મૃત્યુનું આલિંગન લેવું તે તો અમારી ટેવ છે. અને શહાદત તો અમારી શ્રેષ્ઠતાની નિશાની છે. (બિહાર-ભા.૪૫-પા.૧૧૭-૧૧૮)

# હ. ઝૈનબ સલા.

# શુરવિરતા અને બહાદુરી

જનાબ ઝૈનબ સલા. એવા શુરવીર હતાં કે તેમણે પોતાની જીભની તલવાર વડે જે હુમલા કર્યા તેનો જવાબ કોઈની પાસે ન હતો. અને તેમને જાહેરમાં પાપીઓ, દુરાચારીઓ અને અધર્મીઓ કહીને તેમની ઉંઘ ઉડાડી દીધી હતી. ઇબ્ને ઝિયાદના દરબારમાં સંબોધન કરતાં આપે કહ્યું હતું કે "ખુદાનો આભાર કે તેણે અમને (અમારા કુટુંબમાં) અમારા પિતામહ સ.અ.વ.ને નુબુવ્વત આપીને પોતાની અમી દ્રષ્ટી અમારા ઉપર વરસાવી અને અપવિત્રતાઓને અમારાથી દુર રાખી. નિઃશંક છે કે ફકત પાપીઓ- અને અધર્મીઓ જ અપમાનિત અને બદનામ થાય છે અને દુરાચારીઓ જ જુઠુ બોલતાં હોય છે."

દરબારે યઝીદમાં જયારે ઈમામ હુસૈન અ.સ.ની પુત્રી (બીબી સકીના સલા.)ને દાસી બનાવવાની માંગણી થઈ તો તે બાળકી ગભરાઈને પોતાની ફોઈ (જનાબ ઝૈનબ સલા.)ને વળગી પડી હતીં અને કહેવા લાગી કે "હે ફોઈ હું અનાથ તો થઈ ગઈ છું પણ શું હવે મને દાસી-ગુલામડી પણ બનાવી દેવામાં આવશે ? ત્યારે જનાબ ઝૈનબ સલા.એ યઝીદની સામે સિંહની જેમ ગર્જના કરીને કહ્યું હતું કે "ખુદાના સમ ! હે યઝીદ ! તારામાં આવું કરવાની હિંમત નથી. તું આવું કરી શકતો જ નથી. યઝીદે ગુસ્સે થઈને કહ્યું. "મારામાં આ કામ કરવાની શક્તિ છે." જનાબ ઝૈનબ સલા.એ. યઝીદના ભર્યા દરબારમાં ગર્જના કરીને કહ્યું કે "હે યઝીદ તું જુઠ બોલે છે. આવા કોઈ અધિકાર તને ખુદા તરફથી પ્રાપ્ત થયાં નથી. તું ધર્મનો ત્યાગ કરે અને ઈસ્લામ ધર્મમાંથી નીકળી જાય ત્યારે જ આવું કરી શકે !!!" આ સાંભળીને યઝીદ જવાબ આપી શકયો નહીં. અને કાંઈ બડબડાટ કરવા લાગ્યો. જનાબે ઝયનબ સલા.એ એવું કહીને તેને ચુપ રહેવા માટે મજબુર કરી દીધો કે "તું અત્યારે શાસક છે. અત્યાચાર કરી શકે છે. શક્તિનું પ્રદર્શન કરી શકે છે. પણ ખરેખર કાંઈ કરવું તે તારી શક્તિ બહારની બાબત છે." બીબી સકીનાને દાસી બનાવવાની માંગણી કરનારે યઝીદને પુછયું "આ કોણ છે ?" તો યઝીદે કહ્યું આ બાળકી હુસૈન (અ.સ.)ની પુત્રી અને આ સ્ત્રી તેમની બહેન છે." આ સાંભળીને તે શામી (સીરિયન) એ કહ્યું " હે યઝીદ તે પયગમ્બર સ.અ.વ.ના સંતાનો અને સ્વજનોને કતલ કર્યા અને તેમના સંતાનો અને સ્વજનોને બંદી બનાવ્યા છે. તારા પર લાનત હજો !! " આ સાંભળીને યઝીદે તેને કત્લ કરાવી દીધો.

(બિહારુલ અનવાર ભા.૪૫ પા.૧૩૬-૧૩૭)



E-mail : hadimasik@yahoo.com

# આર્ટ ગેલેરી



**ખાસ નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે જેનું અગાઉનું લવાજમ બાકી છે તે અને નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હુસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : ૯૮૨૪૨ ૧૬૪૭૦ |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**






# HADI MASIK


: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.

Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*